**ફોજદારી કેસ નં. ૨૬૯/૨૦૧૨**

7. **The finding and in the case of a conviction a brief statement of the reasons thereof**.....

આરોપી આજ રોજ અદાલતમાં હાજર છે. આરોપી સામે પ્રોહીબીશન એક્ટની કલમ ૬૬(૧)(બી), ૮૫(૧)(૩) મુજબનો ગુન્હો કર્યાનું તહોમત છે. આરોપી પોતે સ્વેચ્છાએ કબુલાત કરતો હોવાનું જણાવે છે. આરોપીએ કબુલાત પુરસીસ રજૂ કરેલ છે. આરોપીની હકીકત ધ્યાને લેતાં આરોપીની કબુલાત સ્વેચ્છાપૂર્વકની હોઈ સ્વીકારવા યોગ્ય હોઈ રેકર્ડ કરવામાં આવેલ છે. આરોપીની પ્લી રેકર્ડ કરતાં આરોપી પોતાની સામેનો આક્ષેપિત ધી બોમ્બે પ્રોહિબીશન એક્ટ હેઠળનો ગુનો કબુલ હોવાનું જણાવે છે. આરોપીની હકીકત ધ્યાને લેતાં કબુલાત સ્વેચ્છાપૂર્વકની હોઈ સ્વીકારવા યોગ્ય હોઈ રેકર્ડ કરવામાં આવે છે. આથી સજા અંગે સાંભળતાં આરોપી એવી રજૂઆત કરી છે કે, આ તેનો પ્રથમ ગુનો છે અને ભવિષ્યમાં  આવો ગુનો નહી કરે તેની ખાત્રી આપે છે. આરોપી ગરીબ-મજૂર વર્ગનો માણસ છે તેમજ તે એકમાત્ર કમાનાર વ્યક્તિ હોઈ તેના સમગ્ર કુટુંબની ભરણપોષણની જવાબદારી તેના શીરે રહેલ છે. જેથી ઓછી સજા કરવા રહેમ રાખવા વિનંતી કરેલ છે.

આરોપીની પરિસ્થિતિ ધ્યાને લેતાં તેમજ તેની રજૂઆતમાં તથ્ય જણાય છે. વધારે દંડ કરવામાં આવે તો આરોપી તે ભરી શકે તેવી પરિસ્થિતિમાં નથી. આરોપીની રજૂઆત જોતાં કાયદામાં પ્રસ્થાપિત કરેલ સજા કરતાં પણ ઓછી સજા ફરમાવવા પૂરતા, વ્યાજબી અને યોગ્ય કારણો જણાતા હોઈ, નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૫(૧), જી.એલ.આર. પાના નં.૭૦૯ ઉપર પ્રસિધ્ધ થયેલ ગુજરાત રાજ્ય વિ. નટવર હરચંદજી ઠાકોરના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતોને ધ્યાને લેતાં તેમજ આજ રોજ નેશનલ લોક અદાલત હોઈ તેમજ આરોપી પોતાનો ગુનો કબુલ કરતો હોઈ જેથી સ્પેશીયલ સીટીંગના જેના હેઠળ મળેલી સત્તા જળવાશે તેવું મારૂં માનવું છે. જેથી ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૫૨ અન્વયે આરોપીની કબુલાતનો સ્વીકાર કરી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

8. **Sentence of Final Order**

<u>**હુ ક મ**</u>

– આથી આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૫૨ અન્વયે ધી બોમ્બે પ્રોહીબીશન એક્ટની કલમ–૬૬(૧)(બી), ૮૫(૧)(૩) ના ગુનામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂ. ૧૦૦/– (અંકે રૂપિયા સો પુરા) ના દંડની સજા ફરમાવવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ના ભરે તો દિન–૧૦ ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

– કબ્જે લીધેલ પ્રતિબંધીત મુદ્દામાલ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

– આરોપીના જામીનખત રદ કરવા.

9. **Date on which the proceedings terminated**.

આજ તારીખ ૦૮મી, માહે–ડીસેમ્બર, સને–૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

10. **Remarks**.

**(ભાસ્કરકુમાર રામેશ્વરપ્રસાદ દવે)**
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
મેટ્રોપોલીટન કોર્ટ નં.૨૫
અમદાવાદ.
(Judge Code No.GJ01073)

અમદાવાદ.
તા. ૦૮.૧૨.૨૦૧૮